DEPUTY COLLECTOR &
SUB DIVISIONAL
MAGISTRATE ANJAR

सत्यमेव जयते

OFFICE OF THE
DEPUTY COLLECTOR &
SUB DIVISIONAL MAGISTRATE
ANJAR - KACHCHH
PH-02836 243345
E-mailid: sdmanjar@gmail.com

No. Mag/NGT/Emami/04/2025 Dt.03/06/2025

To,
The Registrar,
National Green Tribunal,
Western zone bench, Pune

**Sub** : Before the Hon'ble NGT Western Zone Bench, Pune,
Original Application No. 219/2024 (WZ)
Earlier Original Application No. 1244/2024 PB (LP)

Ref :

(1) The Collector Kutch-Bhuj vide letter no. Jan-1/Parch/Vashi/2185/12/2024, Dt.05/12/2024

(2) Deputy Director, Welfare of Scheduled Castes, Bhuj-Kutch vide letter No.DD/SCW//S.D

(3) This office Letter No.Meji/sewer death/emami/01/2025, Dt.01/01/25/2024-25/3018-3019, Dt.05/12/24

(4) The Collector Kutch-Bhuj vide letter no. Jan-1/Parch/Vashi /2185/12/2024, Dt.17/01/2025

(5) The Deputy Director, Industrial Safety and Health, Adipur vide letter No. Deda / Issehe / Adi / 2025/124, Dt.17/01/2025

(6) The Regional Officer, G.P.C.B., East Kutch vide letter No. GPCB/RO/KUTCH-EAST/OA 2019/2024(WZ) /3709, Dt. 20/01/2025

(7) This office Letter No.Meg/NGT/Emami/04/2025, Dt.02/04/25

(8) The Deputy Superintendent of Police, Anjar vide letter no.3201/2025, Dt. 17/05/2025

Respected sir,

.espected sir,

To inform you on the above subject, in terms of the Notice from your office Name of the news item published in Times of India on 16/01/2024 regarding death of five workers due to suffocation while cleaning a tank in an Agrotech firm in Gujarat. The National Green Tribunal vide Original Application No. 219/2024 (WZ). 1244/2024 PB (LP) has been filed. Accordingly, Sub Divisional Magistrate-ANJAR has been authorized to attend the hearings on behalf of District Magistrate - KACHCHH vide letter no. Jan-1/Parch/Vashi/2185/12/2024, Dt.05/12/2024. The first hearing of the National Green Tribunal, Connected through video conference was conducted on Dt.09/12/2024.

The report of the said work has been received here from the letter of the Deputy Director, Welfare of Scheduled Castes, Bhuj-Kutch Reference-2. According to the report, the workers died while cleaning a tank at HRSCC FEED tank of Kandla Emami Agrotech Company on 15/10/2024 night from 23:30 hrs to 24:00 hrs. The workers working in the company (1) Siddharth Tiwari (2) Amjad Khan (3) Ashish Gupta (4) Ashish Kumar and (5) Sanjay Thakor fell into the HRSCC FEED tank and were taken to Adipur Jain Seva Samiti for first aid. However, the doctors declared them brought dead and were sent to Rambaugh Hospital, Gandhidham for postmortem. According to the police, a case of accidental death has been registered. An Inquest Panchanama has been done by the Executive Magistrate, Gandhidham. The viscera, blood samples and clothes have been sent to the Rajkot FSL for examination. The actual cause of death can be known after the FSL report. And the investigation is still ongoing. Reference-2 report is attached herewith.

The report has been submitted by Deputy Director, Industrial Safety and Health, Adipur and Regional Officer, GPCB, East Kutch from Reference-5 and 6 respectively. Details of which are as follows.

Deputy Director, Industrial Safety and Health, Adipur has obtained details from the factory owner Emami Agrotech Ltd.,Plot No. 49, SIPC, Kandla: Gandhidham, Dist.Kachchh regarding the fatal accident that occurred on Dt.16/10/2024. It is stated that the accident occurred in the Effluent Treatment Plant (ETP) and the approval regarding the said ETP has been obtained by GPCB from number: GPCB / CCA-Kutch-1655 / ID- 72346/606644. A case was registered against him in the court of Judicial Magistrate (First Class), Gandhidham. The case no. 244/2024. Further, according to the reply submitted by the factory owner, there is no sewage connection in the said tank and only

[E]TP work is being done. A copy of the report is attached. Which is to be taken into account.

As stated in the letter of reference-6, East Kutch, GPCB, Gandhinagar has submitted ATR to the National Green Tribunal in connection with the said case. which is included. The incident occurred on 16/10/2024 at 12.30 am and the GPCB official informed that Visited the place of incident on 16/10/2024 at 13.45 hrs. During the inspection, H2S gas was measured in HRSCC tank of Effluent Treatment Plant (ETP) of Emami Agrotech Limited (PCB ID: 72346), which is stated to be 5 ppm. The said unit is meant for treatment of industrial effluents generated from manufacturing plant / industrial activity. The sewage generated at the sewage treatment plant is treated separately. A copy of the report is attached. Which is to be taken into account.

As per Collector Kutch-Bhuj reference-4 letter, The second hearing was held on 29/01/2025. During the said hearing, we were engaged in the work of Rapar Municipality Election, Mamlatdar Shri, Gandhidham connected through video conference during the hearing. The committee has been asked to submit its report within a week's time.

Therefore, in view of the aforesaid factual report, it appears that the said unit is meant for treatment of industrial effluents generated from the manufacturing plant / industrial activity and sewage generated in the sewage treatment plant is treated separately.

We have received the FSL report from the Deputy Superintendent of Police - Anjar through the letter with reference-8. According to which the actual cause of death "Died due to Cardio respiratory arrest due to asphyxia due to sulphide exposed". The Detail FSL Report is attached with this. Kindly take this submission into consideration.

With Regards.

Encl : As above.

**(S.J.CHAUDHARY)**
**DEPUTY COLLECTOR**
**ANJAR-KACHCHH**

**CC :**

1. The secretary, National Commission for safai karmacharis, Ministry of social Justice & Empowerment, "B" Wing, 4th Floor, Lok Nayak Bhawan, Khan Market, New Delhi 110003

2. The Collector & District Magistrate, Kachchh

જાવક નં. ૩૨૦૧ /૨૦૨૫
નાયબ પોલીસ અધિક્ષકની કચેરી
અંજાર વિભાગ અંજાર
તા. ૧૯/૦૫/૨૦૨૫

પ્રાંત કચેરી, અંજાર
આવક નંબર 42025011942
21 MAY 2025
શાખા :

પ્રતિ,
પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજી. સા.,
અંજાર -કચ્છ.

**વિષય:**-કંડલા sewer death અંગે અહેવાલ મોકલ્યા બાબત.

**આધાર:**આપ સા.ની કચેરીના પત્ર ક્રમાંક-નં.મેજી/NGT matter/emami/૦૪/૨૦૨૫ તા.૦૫/૦૪/૨૫ વાળા અન્વયે

જય ભારત સાથે મુકેશ ચૌધરી નાયબ પોલીસ અધિક્ષકશ્રી અંજાર વિભાગ, અંજાર નાઓનો વિનંતી રીપોર્ટ કે,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આપ સા.ની કચેરીના ઉપરોક્ત આધારથી કંડલા ખાતે આવેલી એગ્રી ટેકનોલોજી કંપનીમાં ટેંકની સફાઈ કામગીરી દરમિયાન કામદારોના થયેલ મૃત્યુ બાબતે અહેવાલ માંગવામાં આવેલ જે બનાવ કંડલા મરીન પો.સ્ટે. અ.મોત નં.૧૫/૨૦૨૪ બી.એન.એસ.એસ. કલમ- ૧૯૪ નો બનાવ તા.૧૫/૧૦/૨૦૨૪ ના રાત્રિના ક.૨૩/૩૦ થી ૨૪/૦૦ દરમ્યાન કંડલા ઈમામી એગ્રોટેક કંપનીમાં HRSCC FEED ટેન્ડમાં બનેલ આ કામેનો બનાવ તા.૧૬/૧૦/૨૦૨૪ ના સવારના ક.૦૫/૧૦ વાગ્યે રામબાગ હોસ્પિટલ આદીપુરના મેડીકલ ઓફીસર શ્રી ડી.એચ.ગોહિલ નાઓએ ટેલીફોનથી જાણ કરેલ કે લઈ આવનાર સતીષકુમાર શ્રીરામઆશ્રય રહે.કંડલા ઈમામી એગ્રોટેક કંપની વાળા નાઓને પુછતાં જણાવેલ કે કંપનીમાં કામ કરતાં કામદારો (૧)સિધ્ધાર્થ તિવારી (૨) અમજદખાન (૩)આશીષ ગુપ્તા (૪)આશીષ કુમાર તથા (૫)સંજય ઠાકોર એ રીતે નાઓ HRSCC FEED ટાંકામાં પડી જતાં પ્રથમ સારવાર માટે આદીપુર જૈન સેવા સમિતી હોસ્પિટલ લઈ ગયેલ જ્યા ડો.શ્રીએ તપાસતા મરણ ગયેલાનું જણાવતાં પોસ્ટમોર્ટમ માટે અત્રે રામબાગ હોસ્પિટલ આદીપુર લઈ આવેલ છે તેવી જાહેરાત કરતાં જે આધારે ઉપરોક્ત નંબરની અકસ્માત મોત દાખલ થયેલ છે અને આ કામેના મરણજનાર (૧)સિધ્ધાર્થ રાઘવરામ તિવારી ઉ.વ.૨૯ રહે.હાલે છ વાડી આદીપુર મુળ રહે.મુરીયા જી.દતીયા (મધ્યપ્રદેશ) તથા (૨) આશીષ ઓમપ્રકાશ ગુપ્તા ઉ.વ.૩૨ રહે.હાલ સેક્ટર-૭, ગણેશનગર, ગાંધીધામ મુળ રહે.ગંગોરા, જી.શીવપુરી (મધ્યપ્રદેશ) (૩) અમજદ યુનીશ ખાન ઉ.વ.૩૨ રહે.હાલે છવાડી, આદીપુર મુળ રહે.વિકાસનગર,આલમપુર ગાગેપુરા, તા.લાહાર, જી.ભીંડ (મધ્યપ્રદેશ) (૪) સંજુજી ઉર્ફે સંજય વિનાજી ઠાકોર ઉ.વ.૨૯ રહે.ટી.ડી.એક્સ, મ.નં.૯૧, બાર વાડી, આદીપુર મુળ રહે.વનાસણા, તા.સિધ્ધપુર, જી.પાટણ તથા (૫) આશીષકુમાર ઓમપ્રકાશ કુમાર ઉ.વ.૨૪, રહે.હાલે છ વાડી, આદીપુર મુળ રહે.મોઘા (મોઢા), તા.રોહદપુર, જી.ગાઝીપુર (ઉત્તરપ્રદેશ) વાળાઓ છે જેઓની લાશનું ઈન્કવેસ્ટ ભરવા પધારવા એક્ઝી.મેજી.શ્રી ગાંધીધામ નાઓ પાસેથી અધિકાર મેળવી ઉપરોક્ત મરણજનાર સાથે કામ કરતાં અવધેશ દયાસાગર શર્મા નાઓએ મરણજનારની ઓળખ આપતાં મરણજનારની લાશોનું ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ છે અને આ કામે મરણજનારના મોતનું ચોક્કસ કારણ જાણવા સારૂ એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં સ્થાનીક જગ્યાનું પંચનામું કરવામાં આવેલ છે અને તેઓ દ્વારા બનાવ વાળી જગ્યાએથી સેમ્પલ કબ્જે કરેલ છે તેમજ મરણજનારનું પી.એમ. કરનાર ડૉ.શ્રી દ્વારા મરણજનારના લીધેલ વિશેરા તથા બ્લડ સેમ્પલ તથા બનાવ સમયે પેહરેલ કપડા આપતા જે કબ્જે કરીને તમામ સેમ્પલ તપાસણી અર્થે રાજકોટ એફ.એસ.એલ. કચેરી ખાતે મોકલી આપેલ છે જે રીપોર્ટ આવવા ઉપર બાકી છે અને આ ગુના કામે સાહેદો તથા ઇમામી કંપનીમાં કામ કરતા કર્મચારીઓ તથા સારવાર માટે લઇ જનાર સાહેદો તથા મરણજનારના પરીવારજનોના તપાસ કામે

Urgent
2/5
21/5/25
NGT પોર્ટલ
પર અપલોડ કરવું.

વિગતવારના નિવેદનો લેવામાં આવેલ છે તેમજ રામબાગ હોસ્પીટલ આદિપુર ખાતેથી પી.એમ. નોટ મેળવવામાં આવેલ છે.

આ કામેના મરણજનાર ઇમામી એગ્રોટેક કંપનીના ઇ.ટી.પી. ટેન્ક વિભાગમાં ઓપરેશન તથા મેન્ટેનશની કામગીરી અર્થે એસઓપી કંપનીને કોન્ટ્રાક્ટ આપેલ હોઇ તે કંપનીના કર્મચારીઓ છે અને જે પૈકી મરણજનાર સિધ્ધાર્થ તિવારી સુપરવાઇઝર તરીકે નોકરી કરતો હતો તથા બાકીના ૦૩ કર્મચારીઓ ઓપરેટર તરીકે તથા ૦૧ કર્મચારી અજય કેસાબ સામંતા નામની કોન્ટ્રાક્ટર કંપનીના કર્મચારી હતો જે હેલ્પર તરીકે નોકરી કરતો હતો આમ આ કામે મરણજનાર પૈકી કોઇપણ મરણજનાર સફાઇ કર્મચારી નથી.

આ કામે મરણજનાર કર્મચારીઓ સાથે કામ કરનાર અને આ બનાવ નજરે જોનાર પરમહંસરામ મુનશીરામ રામ વાળાનું નિવેદન લેતા તેણે જણાવાલ કે "સિધ્ધાર્થ તિવારી જે સુપરવાઇઝર છે જેમની સુચના અનુસાર અમો કામ કરીએ છીએ તથા આશીષ ગુપ્તા જે હેલ્પર તરીકે હતો તથા આશીષકુમાર તથા અમજદખાન ઓપરેટર તરીકે નોકરીમાં સાથે હતા અને તેઓ કામ કરતા હતા તે દરમ્યાન બારેક વાગ્યાના અરશામાં ટાંકામાંથી સ્લેજની આઉટ પાઇપામાંથી સ્લેજ ઓછું નીકળતુ હોઇ જેથી અમારી સાથેના કર્મચારી અમજદ ખાને જણાવેલ કે ટાંકા ઉપર ચડીને જોઇએ જેથી અમો અમારી સાથેના બધા માણસો સાથે ટાંકા ઉપર ગયેલ હતા અને બાદ અમજદખાને મને જણાવેલ કે તું ટાંકાની અંદર જઇને સ્લેજનું લેવલ ચેક કર જેથી હું મારી પાસેના વાઇપર લઇને ટાંકામાં ઉતરેલ તે દરમ્યાન અમજદખાને પોતાની પાસેના મોબાઇલ ટોર્ચથી અજવાળુ કરેલ અને હું નીચે ઉતરીને વાઇપરથી લેવલ ચેક કરવા લાગેલ પરંતુ મારો શ્વાસ રૂંધાવા લાગેલ જેથી હું તરત જ બહાર આવી ગયેલ અને બધાને જણાવેલ કે અંદર ગેસ વધુ છે જેથી અંદર જવાય એમ નથી જેથી ત્યાં હાજર અમજદખાને કહેલ કે કાકા તમારૂ કામ નથી તમો ટેન્કની નીચે જાઓ અને પાઇપના કનેક્શન લગાવાનું કામ કરો જેથી હું નીચે ઉતરવા લાગેલ ત્યારે અમજદખાને આશીષ ગુપ્તાને જણાવેલ કે કાકાથી કામ થશે નહિ તું કપડા ઉતારીને ટાંકાની અંદર જઇને લેવલ ચેક કર તેવું મે સાંભળેલ હતું અને બાદ હું ટાંકાની નીચે કામ કરતો હતો ત્યારે મને અચાનક સિધ્ધાર્થ તિવારીનો મોટેથી અવાજ આવેલ કે કાકા ટાંકા ઉપર જલ્દીથી આવો જેથી હું દોડીને ટાંકા ઉપર ચડવા લાગેલ અને ટાંકા ઉપર ચડતો હતો ત્યારે સિધ્ધાર્થ તિવારી ટાંકામાં ઉતરતો હતો ત્યારે તે અચાનક ટાંકા પડી ગયેલ અને પાણીમાં પડવાનો અવાજ આવેલ જેથી હું ટાંકાના હોલ પાસે ગયેલ અને સિધ્ધાર્થ તિવારીના નામથી જોરથી બુમ પાડેલ પરંતુ ટાંકા અંદરથી કોઇ અવાજ આવેલ નહિ જેથી મે ટાંકાની અંદર જોયેલ તો ટાંકાની અંદર સિધ્ધાર્થ તિવારી તેનો શ્વાસ રૂંધાતો હોઇ તેવી રીતે શ્વાસ લેતો હતા પરંતુ કોઇ બોલતો ન હોઇ જેથી મે ટાંકા પાસે રાખેલ રસ્સી અંદર નાખેલ અને તેઓને રસ્સી પકડવા જણાવેલ પરંતુ તેમણે રસ્સી પકડેલ નહિ જેથી મે જોરથી મદદ માટે બુમ પાડેલ કે ચાર માણસો ટાંકામાં પડી ગયેલ છે જેથી નજીકમાં બોઇલર પ્લાન્ટમાં સંજુ ઠાકોર નામનો કર્મચારી કામ કરતો હોઇ તે દોડીને આવેલ અને તે ટેંક ઉપર ચડેલ અને મને પુછેલ કે કાકા શુ થયુ? જેથી મે જણાવેલ કે ૪ માણસો અંદર પડી ગયેલ છે પરંતુ તેઓ બોલતા નથી કે રસ્સો ફેક્યો પણ રસ્સો પણ પકડતા નથી જેથી તેણે કહેલ કે હું અંદર જઇને ચેક કરૂ જેથી મે તેને જણાવેલ કે ટાંકાની અંદર ગેસ છે જેથી બીજી માણસોને બોલાવીએ પરંતુ તેણે મારી વાત માનેલ નહિ તેણે મને પોતાની પાસેનો મોબાઇલ ટોર્ચનું અજવાળુ કરીને આપેલ તે અંદર ઉતરવા લાગેલ ત્યારે તે બે પગથીયા નીચે ઉતરેલ ત્યારે અચાનક નીચે ટાંકામાં પડી ગયેલ જેથી તે પડ્યા પછી મને ડર લાગેલ જેથી હું ટાંકાની નીચે ઉતરી ગયેલ અને બીજા માણસોને મદદ માટે બોલાવેલ અને ટાંકામાં પડેલ પાંચેય માણસોને સારવાર માટે હોસ્પીટલ લઇ ગયેલ હતા તે મુજબની હકીકત જણાવેલ હતી આમ આ બનાવ નજરે જોનાર કર્મચારીના જણાવ્યા અનુસાર એક કર્મચારી ટાંકામાં ઉતરતા તે બેભાન થતા તેને બચાવવા જતા અન્ય કર્મચારીઓ પણ ટાંકામાં ઉતરતા તેઓ પણ બેભાન થતા આ બધા મરણ ગયેલ છે.

આ કામેના મરણજનારના પરીવારજનોને તાત્કાલીક ધોરણે ઇમામી એગ્રોટેક કંપની દ્વારા દરેક પરીવાર ૧૫-૧૫ લાખ રૂપીયા સહાય આપેલ છે અને કંપનીમાં કામ કરતા કર્મચારીઓની સુરક્ષા માટે કંપની તરફથી ઇન્સ્યોરન્સ પોલીસી વિમો લેવામાં આવેલ છે જે વિમા કામે વળતર મેળવવા સારૂ લેબર કોર્ટમાં કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ કર્મચારીઓના પગારમાંથી પી.એફ. કપાત કરવામાં આવેલ છે તે આધારે પી.એફ. ઓફીસ દ્વારા પેન્સન નક્કી કરવામાં આવશે તે માટેની કાર્યવાહી કરવામાં આવેલ છે અને

ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ કચેરી આદિપુર-કચ્છ નાઓ દ્વારા આ અકસ્માત બાબતે ના.કોર્ટમાં કંપની વિરૂધ્ધમાં (સીસી નં.૨૪૪/૨૦૨૪ ) કેશ કમીટ કરેલ છે. અને આ કામે કંપનીમાંવ કામ કરતાં કર્મચારી/અધિકારીઓ તથા બનાવ સબંધીત સાહેદોના તથા મરણ જનારના પરિવારજનોના નિવેદનો લેવામાં આવેલ છે.

આ કામે મરણજનાર (૧) સિધ્ધાર્થ રાઘવરામ તિવારી ઉ.વ.૨૯ રહે.હાલે છ વાડી આદીપુર મુળ રહે.મુરીયા જી.દતીયા (મધ્યપ્રદેશ) (૨) આશીષ ઓમપ્રકાશ ગુપ્તા ઉ.વ.૩૨ રહે.હાલ સેક્ટર-૭, ગણેશનગર, ગાંધીધામ મુળ રહે.ગંગોરા, જી.શીવપુરી (મધ્યપ્રદેશ) (૩) અમજદ યુનીશ ખાન ઉ.વ.૩૨ રહે.હાલે છવાડી, આદીપુર મુળ રહે.વિકાસનગર,આલમપુર ગાગેપુરા, તા.લાહાર, જી.ભીંડ (મધ્યપ્રદેશ) (૪) સંજુજી ઉર્ફે સંજય વિનાજી ઠાકોર ઉ.વ.૨૯ રહે.ટી.ડી.એક્સ, મ.નં.૯૧, બાર વાડી, આદીપુર મુળ રહે.વનાસણા, તા.સિધ્ધપુર, જી.પાટણ (૫) આશીષકુમાર ઓમપ્રકાશ કુમાર ઉ.વ.૨૪, રહે.હાલે છ વાડી, આદીપુર મુળ રહે.મોધા (મોઢા), તા.રોહદપુર, જી.ગાજીપુર (ઉત્તરપ્રદેશ) વાળાઓનું પી.એમ. કરીને સેમ્પલો એફ.એસ.એલ. કચેરી ખાતે પૃથ્થકરણ અર્થે મોકલેલ જે આધારે પી.એમ. કરનાર ડૉ.શ્રીઓ દ્વારા મરણજનારની કોઝ ઓફ ડેથ સર્ટી લખીને આવતા જે વંચાણે લેતા તેમા મરણજનારનું મોત "Died due to cardiorespiratory arrest due to asphyxia due to sulphide exposed" રીતે થયેલ હોવાનું જણાવેલ છે અને આ કામેની વધુ તપાસ હાલે ચાલુ છે.તેમજ એફ.એસ.એલ. પૃથ્થકરણ અહેવાલ આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે. જે આપશ્રીને વિદીત થાય.

(મુકેશ ચૌધરી)
નાયબ પોલીસ અધિક્ષક
અંજાર વિભાગ, અંજાર

# પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા

DFS GUJARAT

ગુજરાત રાજ્ય, રાજકોટ ૩૬૦ ૦૦૫

ઝેરશાસ્ત્ર વિભાગ

## પરીક્ષણ અહેવાલ

અહેવાલ નં. રફસલ/તપણ/૨૦૨૪/ટી/૦૧૩૯૧

તારીખ.01 -02- ૨૦૨૫

પ્રતિ,
પોલીસ ઇન્સપેક્ટરશ્રી,
કંડલા મરીન પોલીસ સ્ટેશન,
જીલ્લો- કચ્છ પૂર્વ-ગાંધીધામ

> સમન્સ અને પત્ર-વ્યવવહાર વખતે ઉપરના અહેવાલનો નંબર અને તારીખ તેમજ અહેવાલમાં છેક નીચે આપેલ પરીક્ષણ અધિકારીનું નામ દર્શાવવું.

શ્રીમાન,

પોલીસ મથક કંડલા મરીન ખાતે કલમ BNSS : ૧૯૪ હેઠળ તા. ૧૬-૧૦-૨૦૨૪ ના/ની પહોંચ/નોંધ/~~ગુ.ર.નં.~~/અ.મો.નં. UD/૦૦૧૫/૨૦૨૪ ના સંબંધિત ૩૧(એકત્રીસ) પાર્સલ(લો)/શીશી (શીશીઓ) બ.નં. ૧૯૯ દ્વારા મોકલ્યાનું જણાવતો આપનો તા. - નો પત્ર નંબર - થી તા. ૨૫-૧૦-૨૦૨૪ રોજ મળેલ છે.

| | |
|---|---|
| પાર્સલ(લો)/શીશી(શીશીઓ) જે સ્થિતિમાં મળેલ તેની વિગત ; સીલ કરેલ પાર્સલ(લો)/શીશી(શીશીઓ) | "POLICE SUB INSPR. KANDLA KUTCH" સીલ ધરાવતા સીલબંધ ૧૧(અગીયાર) ક્લોથ પાર્સલ હતા. જેને અનુક્રમે માર્ક A, A1, A2, A3, A4, A5, B4, C4, D4, E4 અને F4 આપેલ હતા, તથા ૧૦(દસ) પ્લાસ્ટીકની બરણીઓ અને ૫(પાંચ) પ્લાસ્ટીકની શીશીઓ તથા (પાંચ) કાચની શીશીઓ હતી. જેને અનુક્રમે નમુના માર્ક B, B1, C, C1, D, D1, E, E1, F, F1, B2, C2, D2, E2, F2, B3, C3, D3, E3 અને F3 આપેલ હતા. |
| ✓ સીલબંધ અને નમૂના મુજબનું/ના સીલ ધરાવતી/તા પાર્સલ(લો)/શીશી(શીશીઓ) ની સંખ્યા : ૩૧ (એકત્રીસ)<br>➢ સીલબંધ પરંતુ નમૂના મુજબનું/ના સીલ નહી ધરાવતી/તા પાર્સલ(લો)/શીશી(શીશીઓ) ની સંખ્યા : ---.<br>➢ સીલ નહી કરેલા પાર્સલ(લો)/શીશી(શીશીઓ) ની સંખ્યા --- | ૩૧ (એકત્રીસ)<br><br>કુલ પાર્સલ : ૩૧ (એકત્રીસ) |

પાર્સલ(લો)/નમુના(ની) ચીજવસ્તુઓ(મુદ્દામાલ) નું વર્ણન.



Scanned with OKEN Scanner

અહેવાલ નં. રફસલ/તપણ/૨૦૨૪/ટી/૦૧૩૯૧

**પાર્સલ માર્ક – A (ક્લોથ પાર્સલ)** : સીલબંધ ક્લોથ પાર્સલને ખોલતા તેમાં એક પારદર્શક પ્લાસ્ટીકની કોથળી હતી. જે મોઢેથી બાંધેલી હતી. જેને ખોલતા તેમાં લીલા રંગનાં પ્લાસ્ટીકનાં ઢાંકણથી બંધ કરેલ પારદર્શક પ્લાસ્ટીકની ૧(એક) લીટરની ક્ષમતા ધરાવતી બોટલ હતી. જેમાં કાળાશ પડતા રંગનું ઘટ્ટ, દુર્ગંધયુક્ત આશરે ૧(એક) લીટર જેટલું પ્રવાહી ભરેલ હતું. જેને પોલીસ રવાનગી નોંધમાં 'સ્થાનીક જગ્યાએથી HRSCC Feed Tank ની અંદરથી લીધેલ દુર્ગંધયુક્ત પ્રવાહી' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ માર્ક – A1 (ક્લોથ પાર્સલ)** : સીલબંધ ક્લોથ પાર્સલને ખોલતા તેમાં એક પારદર્શક પ્લાસ્ટીકની કોથળી હતી. જે મોઢેથી બાંધેલી હતી. જેને ખોલતા તેમાં લીલા રંગનાં પ્લાસ્ટીકનાં ઢાંકણથી બંધ કરેલ પારદર્શક પ્લાસ્ટીકની ૧(એક) લીટરની ક્ષમતા ધરાવતી બોટલ હતી. જેમાં કાળાશ પડતા રંગનું ઘટ્ટ, દુર્ગંધયુક્ત આશરે ૧(એક) લીટર જેટલું પ્રવાહી ભરેલ હતું. જેને પોલીસ રવાનગી નોંધમાં 'સ્થાનીક જગ્યાએથી HRSCC Feed Tank ની આગળનાં ભાગેથી નીચે જમીન પર રહેલ ઘટ્ટ પ્રવાહી લીધેલ' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ માર્ક – A2 (ક્લોથ પાર્સલ)** : સીલબંધ ક્લોથ પાર્સલને ખોલતા તેમાં એક પારદર્શક પ્લાસ્ટીકની કોથળી હતી. જે મોઢેથી બાંધેલી હતી. જેને ખોલતા તેમાં લીલા રંગનાં પ્લાસ્ટીકનાં ઢાંકણથી બંધ કરેલ પારદર્શક પ્લાસ્ટીકની ૧(એક) લીટરની ક્ષમતા ધરાવતી બોટલ હતી. જેમાં પીળાશ પડતા રંગનું પારદર્શક, દુર્ગંધયુક્ત આશરે ૧(એક) લીટર જેટલું પ્રવાહી ભરેલ હતું. જેને પોલીસ રવાનગી નોંધમાં 'સ્થાનીક જગ્યાએથી HRSCC Feed Tank ની પાછળનાં ભાગેથી આઉટવાળા ભાગેથી લીધેલ દુર્ગંધયુક્ત પ્રવાહી' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ માર્ક – A3 (ક્લોથ પાર્સલ)** : સીલબંધ ક્લોથ પાર્સલને ખોલતા તેમાં એક પારદર્શક પ્લાસ્ટીકની કોથળી (ઝીપબેગ) હતી. જેમાં એક પીળા રંગનાં પ્લાસ્ટીકનાં ઢાંકણવાળી પારદર્શક પ્લાસ્ટીકની બરણી હતી. જેમાં ગ્રે, કાળા જેવા રંગનો ઘટ્ટ, દુર્ગંધયુક્ત આશરે ૩૦૦ ગ્રામ જેટલો પદાર્થ હતો. જેને પોલીસ રવાનગી નોંધમાં 'સ્થાનીક જગ્યાએથી HRSCC Feed Tank ના પાછળનાં ભાગેથી ચીકણા આઉટલેટનાં ભાગેથી લીધેલ દુર્ગંધયુક્ત ઘટ્ટ ચીકણો પદાર્થ' હોવાનું જણાવેલ છે.



Scanned with OKEN Scanner

અહેવાલ નં. રફસલ/તપણ/૨૦૨૪/ટી/૦૧૩૯૧

**પાર્સલ માર્ક – A4 (ક્લોથ પાર્સલ)** : સીલબંધ ક્લોથ પાર્સલને ખોલતા તેમાં એક પારદર્શક પ્લાસ્ટીકની કોથળી (ઝીપબેગ) હતી. જેમાં એક પીળા રંગનાં પ્લાસ્ટીકનાં ઢાંકણવાળી પારદર્શક પ્લાસ્ટીકની બરણી હતી. જેમાં કાળાશ પડતા, ગ્રે જેવા રંગનો, દુર્ગંધયુક્ત આશરે ૩૦૦ ગ્રામ જેટલો પદાર્થ હતો. જેને પોલીસ રવાનગી નોંધમાં 'સ્થાનીક જગ્યાએથી HRSCC Feed Tank ના પાછળની બાજુએ સામેની તરફ સ્ટોરેજ એરીયામાંથી થોડા ભેજવાળા પદાર્થમાથી એક પ્લાસ્ટીકની બોટલમાં આશરે ૩૦૦ ગ્રામ જેટલો પદાર્થ ભરેલ' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ માર્ક – A5 (ક્લોથ પાર્સલ)** : સીલબંધ ક્લોથ પાર્સલને ખોલતા તેમાં એક પારદર્શક પ્લાસ્ટીકની કોથળી (ઝીપબેગ) હતી. જેમાં એક પીળા રંગનાં પ્લાસ્ટીકનાં ઢાંકણવાળી પારદર્શક પ્લાસ્ટીકની બરણી હતી. જેમાં રાખોડી, ગ્રે જેવા રંગનો આશરે ૩૦૦ ગ્રામ ગાંગડાયુક્ત, ખરાબવાસ ધરાવતો પદાર્થ હતો. જેને પોલીસ રવાનગી નોંધમાં 'સ્થાનીક જગ્યાએથી HRSCC Feed Tank ની પાછળની બાજુએ સામેની તરફ સ્ટોરેજ એરીયામાંથી ભેજ વગરનાં પદાર્થમાથી એક પ્લાસ્ટીકની બોટલમાં આશરે ૩૦૦ ગ્રામ જેટલો પદાર્થ ભરેલ' હોવાનું જણાવેલ છે.

**મરણજનારનું નામ** : Ashish Omprakash Gupta

**પાર્સલ/નમુના માર્ક – B** : જેમાં આશરે ૨૦૦ ગ્રામ બદામી રંગનો પદાર્થ હતો, જેને પી.એમ. નોટમાં 'વિશેરા' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ/નમુના માર્ક – B1** : જેમાં આશરે ૨૦૦ ગ્રામ બદામી રંગનો પદાર્થ હતો, જેને પી.એમ. નોટમાં 'વિશેરા' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ/નમુના માર્ક – B2** : જેમાં આશરે ૧૦ મી.લી. રંગવિહિન પ્રવાહી હતું, જેને પી.એમ. નોટમાં 'પ્રિઝર્વેટીવ' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ/નમુના માર્ક – B3** : જેમાં આશરે ૫ મી.લી. લાલ રંગનું પ્રવાહી હતું, જેને પી.એમ. નોટમાં 'Blood' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ માર્ક – B4 (ક્લોથ પાર્સલ)** : સીલબંધ ક્લોથ પાર્સલને ખોલતા તેમાં પારદર્શક પ્લાસ્ટીકની કોથળીમાં કથ્થઇ રંગની મેલા, ગંદા જેવા ડાઘાઓ વાળી, દુર્ગંધયુક્ત વાસ વાળી ચડ્ડી (અંડરવિયર) હતું. જેને પોલીસ રવાનગી નોંધમાં 'મરણજનાર આશીષ ઓમપ્રકાશ ગુપ્તાનાં પી.એમ. દરમ્યાન માળી આવેલ કપડા કથ્થઇ ચડ્ડી (અંડરવિયર)' હોવાનું જણાવેલ છે.



Scanned with OKEN Scanner

DFS GUJARAT

અહેવાલ નં. રફસલ/તપણ/૨૦૨૪/ટી/૦૧૩૯૧

મરણજનારનું નામ : Amjad Unish Khan

પાર્સલ/નમુના માર્ક – C : જેમાં આશરે ૨૦૦ ગ્રામ બદામી રંગનો પદાર્થ હતો, જેને પી.એમ. નોટમાં 'વિશેરા' હોવાનું જણાવેલ છે.

પાર્સલ/નમુના માર્ક – C1 : જેમાં આશરે ૨૦૦ ગ્રામ બદામી રંગનો પદાર્થ હતો, જેને પી.એમ. નોટમાં 'વિશેરા' હોવાનું જણાવેલ છે.

પાર્સલ/નમુના માર્ક – C2 : જેમાં આશરે ૧૦ મી.લી. રંગવિહિન પ્રવાહી હતું, જેને પી.એમ. નોટમાં 'પ્રિઝર્વેટીવ' હોવાનું જણાવેલ છે.

પાર્સલ/નમુના માર્ક – C3 : જેમાં આશરે ૫ મી.લી. લાલ રંગનું પ્રવાહી હતું, જેને પી.એમ. નોટમાં 'Blood' હોવાનું જણાવેલ છે.

પાર્સલ માર્ક – C4 (કલોથ પાર્સલ) : સીલબંધ કલોથ પાર્સલને ખોલતા તેમાં ૨(બે) પ્લાસ્ટીકની કેસરી તથા પારદર્શક રંગની કોથળીઓ હતી. જેમાં કેસરી રંગની પ્લાસ્ટીકની કોથળીમાં આછા વરીયાળી લીલા જેવા રંગનું ફાટેલું પેન્ટ હતું. જેના પર સફેદ-ભુખરા રંગનાં ડાઘાઓ હતા. જેના પર મેલા, ગંદા જેવા ડાઘાઓ હતા. જેમાં પારદર્શક પ્લાસ્ટીકની કોથળીમાં ગ્રે જેવા રંગનું ફાટેલું ટી-શર્ટ હતું. જેના કોલરનાં ભાગે JACKPOT લખાણ હતું. જેના કોલરનાં ભાગે કાળો-ભુખરો રંગ હતો. જેના પર સફેદ-ભુખરા જેવા રંગનાં ડાઘાઓ હતા. જેને પોલીસ રવાનગી નોંધમાં 'મરણ જનાર અમજદ યુનીશ ખાનનું પી.એમ. દરમ્યાન માળી આવેલ કપડા (૧) સિમેન્ટીયા કલરનું ટી-શર્ટ (૨) લીલા કલરનું પેન્ટ હોવાનું જણાવેલ છે.

મરણજનારનું નામ : Siddharth Raghavram Tiwari

પાર્સલ/નમુના માર્ક – D : જેમાં આશરે ૨૦૦ ગ્રામ બદામી રંગનો પદાર્થ હતો, જેને પી.એમ. નોટમાં 'વિશેરા' હોવાનું જણાવેલ છે.

પાર્સલ/નમુના માર્ક – D1 : જેમાં આશરે ૨૦૦ ગ્રામ બદામી રંગનો પદાર્થ હતો, જેને પી.એમ. નોટમાં 'વિશેરા' હોવાનું જણાવેલ છે.

પાર્સલ/નમુના માર્ક – D2 : જેમાં આશરે ૧૦ મી.લી. રંગવિહિન પ્રવાહી હતું, જેને પી.એમ. નોટમાં 'પ્રિઝર્વેટીવ' હોવાનું જણાવેલ છે.

પાર્સલ/નમુના માર્ક – D3 : જેમાં આશરે ૫ મી.લી. લાલ રંગનું પ્રવાહી હતું, જેને પી.એમ. નોટમાં 'Blood' હોવાનું જણાવેલ છે.



Scanned with OKEN Scanner

DFS GUJARAT

અહેવાલ નં. રફસલ/તપણ/૨૦૨૪/ટી/૦૧૩૯૧

**પાર્સલ માર્ક – D4 (ક્લોથ પાર્સલ)** : સીલબંધ ક્લોથ પાર્સલને ખોલતા તેમાં પારદર્શક પ્લાસ્ટીકની ૨(બે) કોથળીઓ તથા ૧(એક) સફેદ જેવા રંગની પ્લાસ્ટીકની કોથળી હતી. જેમાં એક પારદર્શક પ્લાસ્ટીકની કોથળીને ખોલતા તેમાં બ્લું તથા લાલ રંગની લાઇનીંગવાળું ફાટેલ ગંજી હતું. જેમાં ભુખરા મેલા જેવા ડાઘાઓ હતા અન્ય પારદર્શક પ્લાસ્ટીકની કોથળીને ખોલતા તેમાં બ્લુ તથા પીળા રંગની લાઇનીંગ વાળો શર્ટ હતો, જેના અંદરનાં ભાગે 'LMD FASHION' લખાણનું સ્ટિકર હતું. જેના પર મેલા ગંદા જેવા ડાઘાઓ હતા. એક સફેદ રંગની પ્લાસ્ટીકની કોથળીને ખોલતા તેમાં કથ્થાઇ રંગનું એક પેન્ટ હતું. જેના પર કમરનાં ભાગે 'TARIA ZONE LEG WEAR' લખાણ હતું. જેના પર મેલા, ગંદા જેવા, ભુખરા રંગનાં ડાઘાઓ હતા. જેને પોલીસ રવાનગી નોંધમાં 'મરણજનાર સિધ્ધાર્થ તિવારીનાં પી.એમ. દરમ્યાન મળી આવેલ કપડા (૧) બ્લુ તથા પીળા કલરનું લાઇનીંગ વાળું શર્ટ (૨) ગંજી (૩) લાકડા કલરનું પેન્ટ' હોવાનું જણાવેલ છે.

**મરણજનારનું નામ** : Ashishkumar Omprakashkumar

**પાર્સલ/નમુના માર્ક – E** : જેમાં આશરે ૨૦૦ ગ્રામ બદામી રંગનો પદાર્થ હતો, જેને પી.એમ. નોટમાં 'વિશેરા' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ/નમુના માર્ક – E1** : જેમાં આશરે ૨૦૦ ગ્રામ બદામી રંગનો પદાર્થ હતો, જેને પી.એમ. નોટમાં 'વિશેરા' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ/નમુના માર્ક – E2** : જેમાં આશરે ૧૦ મી.લી. રંગવિહિન પ્રવાહી હતું, જેને પી.એમ. નોટમાં 'પ્રિઝર્વેટીવ' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ/નમુના માર્ક – E3** : જેમાં આશરે ૫ મી.લી. લાલ રંગનું પ્રવાહી હતું, જેને પી.એમ. નોટમાં 'Blood' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ માર્ક – E4 (ક્લોથ પાર્સલ)** : સીલબંધ ક્લોથ પાર્સલને ખોલતા તેમાં પારદર્શક પ્લાસ્ટીકની કોથળી હતી. તેમાં કાળા જેવા રંગનું નાઇટી પેન્ટ હતું. જેના પર સફેદ, ભુખરા જેવા રંગનાં ડાઘાઓ હતા. જેને પોલીસ રવાનગી નોંધમાં 'મરણ જનાર આશીષકુમાર ઓમપ્રકાશકુમારના પી.એમ. દરમ્યાન માળી આવેલ કપડા જે કાળા કલરનું નાઇટી હોવાનું જણાવેલ છે.



Scanned with OKEN Scanner

DFS GUJARAT

અહેવાલ નં. રફસલ/તપણ/૨૦૨૪/ટી/૦૧૩૯૧

**મરણજનારનું નામ** : Sanju (Sanjay) Ninaji Thakor

**પાર્સલ/નમુના માર્ક – F** : જેમાં આશરે ૨૦૦ ગ્રામ બદામી રંગનો પદાર્થ હતો, જેને પી.એમ. નોટમાં 'વિશેરા' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ/નમુના માર્ક – F1** : જેમાં આશરે ૨૦૦ ગ્રામ બદામી રંગનો પદાર્થ હતો, જેને પી.એમ. નોટમાં 'વિશેરા' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ/નમુના માર્ક – F2** : જેમાં આશરે ૧૦ મી.લી. રંગવિહિન પ્રવાહી હતું, જેને પી.એમ. નોટમાં 'પ્રિઝર્વેટીવ' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ/નમુના માર્ક – F3** : જેમાં આશરે ૫ મી.લી. લાલ રંગનું પ્રવાહી હતું, જેને પી.એમ. નોટમાં 'Blood' હોવાનું જણાવેલ છે.

**પાર્સલ માર્ક – F4 (ક્લોથ પાર્સલ)** : સીલબંધ ક્લોથ પાર્સલને ખોલતા તેમાં પારદર્શક પ્લાસ્ટીકની કોથળી તથા લીલા જેવા રંગની પ્લાસ્ટીકની કોથળી હતી. એક લીલા જેવા રંગની પ્લાસ્ટીકની કોથળીમાં કાળા જેવા રંગનું જીન્સનું પેન્ટ હતું. જેના કમરનાં ભાગે 'Duccati Trendy Jeans' લખાણ હતું. જેના પર મેલા, સફેદ, ભુખરા જેવા રંગનાં ડાઘાઓ હતા. એક પારદર્શક પ્લાસ્ટીકની કોથળીમાં આખી બાયનું કાળા તથા પીળા રંગનું ટી-શર્ટ હતું. જેના પર સફેદ, ભુખરા, મેલા જેવા ડાઘાઓ હતા. જેને પોલીસ રવાનગી નોંધમાં 'મરણજનાર સંજુજી ઉર્ફે સંજય ઠાકોરનાં પી.એમ. દરમ્યાન મળી આવેલ કપડા (૧) આખી બાયનું કાળા તથા પીળા કલરનું ટી-શર્ટ (૨) કાળા કલરનું જીન્સ પેન્ટ હોવાનું' જણાવેલ છે.

**પૃથક્કરણની પદ્ધતિ** : ઉપરોક્ત નમુનાઓનુ પૃથક્કરણ પ્રમાણિત રાસાયણીક પધ્ધતિઓ દ્વારા કરવામાં આવેલ છે.



Scanned with OKEN Scanner

DFS GUJARAT

અહેવાલ નં. રફસલ/તપણ/૨૦૨૪/ટી/૦૧૩૯૧

<u>પૃથક્કરણનું પરિણામ</u> :

(૧) નમુના માર્ક A, A1, A2, A3, A4, A5, B, B1, B3, C, C1, C3, D, D1, D3, E, E1, E3, F, F1 અને F3 માં અકાર્બનીક પ્રકારનાં રાસાયણીક ઝેર $S^{-2}$ (સલ્ફાઇડ) મુલકની હાજરી શોધાયેલ છે.

(૨) નમુના માર્ક B2, B4, C2, C4, D2, D4, E2, E4, F2 અને F4 માં રાસાયણીક ઝેરની હાજરી શોધાયેલ નથી.

(3) નમુના માર્ક B2, C2, D2, E2 અને F2 માં "સોડિયમ ક્લોરાઇડ (સંગ્રાહક)" ની હાજરી શોધાયેલ છે.

સીલનો નમૂનો

( એ. સી. રત્નું )

સાયન્ટીફીક ઓફીસર
કમ આસીસ્ટન્ટ કેમીકલ એક્ઝામીનર
ટુ ધી ગવર્નમેન્ટ ઓફ ગુજરાત,
પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા
રાજકોટ – ૩૬૦ ૦૦૫.



Scanned with OKEN Scanner